**વંચાણે લીધા :**

**૧.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૭/૨૦૨૨, તા.૨/૩/૨૦૨૨ તથા

**૨.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૮/૨૦૨૩, તા.૧૦/૪/૨૦૨૩ અન્વયે.

## જાહેરનામું

## પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૨/૨૦૨૫, તા.૪/૧૨/૨૦૨૫

હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આગામી તા.૭/૧૨/૨૦૨૫ ના રોજ સાબરમતી રીવરફ્રન્ટ (પશ્ચિમ) ખાતે પ્રમુખસ્વામી મહારાજના પ્રમુખવરણી અમૃત મહોત્સવની ઉજવણી BAPS સંસ્થા દ્વારા કરવામાં આવનાર છે. જેમાં VIP/VVIP ઉપરાંત મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતા હરિભક્તો વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આગામી તા.૭/૧૨/૨૦૨૫ ના રોજ ઈવેન્ટ સેન્ટર,સાબરમતી રીવરફ્રન્ટ (પશ્ચિમ) ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રમુખ બન્યાના ૭૫ માં વર્ષમાં (અમૃત મહોત્સવ) નિમિત્તે BAPS સંસ્થા દ્વારા એક ભવ્ય ઉત્સવનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોની ઉપસ્થિતિમાં આ મહોત્સવ ઉજવવામાં આવનાર હોય જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | વાડજ સ્મશાનગૃહ કટ થી પશ્ચિમનો રીવરફ્રન્ટ રોડ આંબેડકર બ્રિજ સુધીનો બન્ને તરફનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | વાડજ સ્મશાન ગૃહ કટ થઇ વાડજ સર્કલ થઇ ઉસ્માનપુરા ચાર થઇ ઇન્કમટેક્ષ ઓવરબ્રિજ મધ્યભાગ થઇ બાટા શો-રૂમ થઇ ડી-લાઇટ ચાર રસ્તા થઇ ટાઉન હોલ ચાર રસ્તા થઇ અંજલી ચાર રસ્તા તરફ અવર જવર કરી શકશે. |

**અપવાદ :** સદર મહોત્સવ સાથે સંકળાયેલ વાહનો,ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

### -: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૭/૧૨/૨૦૨૫ ના કલાક ૧૨.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ

જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૪/૧૨/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૪/૧૨/૨૦૨૫
અમદાવાદ શહેર

( જી.એસ.મલિક )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બૅરેક નં-૦૩,આંબાવાડી પોલીટિકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિદ્ધ કરવા સારૂં. ( E-mail : **gogpress-vad@gujarat.gov.in** )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિદ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિદ્ધ કરવા સારૂ.